Date of Institution	: 01.05.2024.
Date of Registration	: 01.05.2024.
Date of Judgment	: 29.11.2025.
Duration	: **Year-01, Month-06, Days-28.**
Offence/Charges	: U/s. 138 of negotiable Instrument Act,1881.
Plea of accused	: Pleaded not guilty and claim trial.
Decision	: Conviction
Jurisdiction	: Navrangpura Police Station.

सत्यमेव जयते

FORM –A

IN THE COURT OF

Mr. S. P Kain

Judge Code: GJ01196

THE XXVI ADDL. CHIEF JUDICIAL MAGISTRATE, AHMEDABAD CITY

CC/57579/2024

Exhibit-24.

ફરીયાદીઃ	**આઈકોન ફાઈનાન્સિયલ સર્વિસીઝ** ઓથોરાઈઝ પર્સન–ગૌતમ રેવાભાઈ ચાવડા, ઓફીસઃ ૬૦૨, સીતીરત્ન કોમ્પલેક્ષ, થર્ડ આઈ કોમ્પલેક્ષ પાસે, સી.જી.રોડ, નવરંગપુરા, અમદાવાદ.
ફરીયાદી તરફે વિ.વ.	શ્રી જીતેન્દ્ર ઓ. તોલંબિયા.
આરોપીઃ	**પીન્કીબેન અતુલભાઈ રામી,** ૫૫૮, નરસિંહજીની પોળ, થેંગા વાડ, સારંગપુર, અમદાવાદ–૩૮૨૪૫૧.
આરોપી તરફે વિ.વ.	શ્રી કૌશિક જી. મેવાડા.

FORM –B	
બનાવની તારીખ	–
એફ.આઈ.આર./ફરીયાદની તારીખ	૦૧/૦૫/૨૦૨૪
ચાર્જશીટ દાખલ તારીખ	–
ચાર્જફ્રેમ (પ્લી) કર્યા તારીખ	૦૯/૧૦/૨૦૨૪
પુરાવા શરૂ થયાની તારીખ	–

ચુકાદો અનામત રાખવાની તારીખ	–
ચુકાદાની તારીખ	૨૯.૧૧.૨૦૨૫
સજા હુકમની તારીખ, જો હોય તો	

આરોપી નંબર	**આરોપીની વિગતોઃ આરોપીનું નામ**	**અટક કર્યા તારીખ**	**જામીન પર છોડ્યા તારીખ**	**ગુનો**	**તકસીરવાન /નિર્દોષ**	**સજા**	**સી.આર. પી.સી.ની કલમ ૨૪૮ હેઠળ કસ્ટડીમાં રહેલ સમય**
૧.	પીન્કીબેન અતુલભાઈ રામી	–	–	વટાઉખત અધિનિયમની કલમ–૧૩૮	તકસીરવાન	એક વર્ષની સાદી કેદ અને વળતર	–

FORM –C			
ફરિયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ તરફે લીસ્ટ			
એ./ફરિયાદપક્ષે સાહેદ લીસ્ટ : –			
ફરી. સાહેદ ન.	**સાહેદનું નામ**	**સાહેદનો પ્રકાર**	**આંક**
CW/1.	આઈકોન ફાઈનાન્સિયલ સર્વિસીઝ, ઓથોરાઈઝ પર્સન–ગૌતમ રેવાભાઈ ચાવડા	ફરિયાદી	**૦૩**
બી./બચાવપક્ષે સાહેદ લીસ્ટ			

સાહેદ નં./આંક	**સાહેદનું નામ**	**સાહેદનો પ્રકાર**
--	__	--

સી./કોર્ટપક્ષે સાહેદ લીસ્ટ

સાહેદ નં./આંક	**સાહેદનું નામ**	**સાહેદનો પ્રકાર**
--	--	--

ફરિયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ તરફે આંક

એ./ફરિયાદપક્ષે આંક

અનુક્રમ નં.	**વિગત**	**આંક**
૧.	ફરિયાદ	૦૧
૨.	વકીલાતનામું	૦૨
૩.	ફરિયાદી તરફે સરતપાસનું સોગંદનામુ	૦૩
૪.	દસ્તાવેજી પુરવાનું લીસ્ટ	૦૪
૫.	દસ્તાવેજો આંકે પાડવાની અરજી	૦૫
૬.	ફરિયાદી તરફે ઉલટતપાસનો હક્ક બંધ કરવાની અરજી	૦૭
૭.	ફરિયાદી તરફે દસ્તાવેજોને આંકે પાડવાના રહી ગયેલ હોઈ આંકે પાડવાની અરજી	૦૮
૮.	નાણા ધીરધાર કરનારનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ	૦૯
૯.	જનરલ પાવર ઓફ એટર્નીની પ્રમાણિત નકલ	૧૦
૧૦.	લોન મેળવવા માટે કરેલ અસલ અરજી ફાર્મ કે.વાય.સી. સાથે	૧૧
૧૧.	ચેક રીટર્નની ડીમાન્ડ પ્રોમિસરી નોટની ઓફીસ કોપી	૧૨

૧૨	ફરિયાદીની પેઢીને લખી આપેલ સંમતિ પત્ર	૧૩
૧૩.	લોનના સંદર્ભેની ડ્યુ એમાઉન્ટ શીટની કોપી	૧૪
૧૪.	અસલ ચેક નં.૦૦૦૦૨૪	૧૫
૧૫.	રિટર્ન મેમો અસલ	૧૬
૧૬.	લીગલ નોટીસની ઓફીસ કોપી	૧૭
૧૭.	નોટીસ મોકલ્યાની આર.પી.એડી. સ્લીપની પહોંચ	૧૮
૧૮.	એક્નોલેજમેન્ટ સ્લીપ/ટ્રેક રિપોર્ટ	૧૯
૧૯.	ફરિયાદીની પુરાવો પૂર્ણ થયાની પુરસીસ	૨૦
૨૦.	ફરિયાદી તરફે એફ.એસ.નો હક્ક બંધ કરવાની અરજી	૨૧
૨૧.	ફરિયાદી તરફે લેખિત દલીલો રજુ	૨૨
૨૨.	ફરિયાદી તરફે આરોપીની દલીલોનો હક્ક બંધ કરવાની અરજી	૨૩
બી./બચાવપક્ષે આંક		
અનુક્રમ નં.	**વિગત**	**આંક**
–	–	–
–	–	–
સી./કોર્ટ તરફે આંક		
અનુક્રમ નં.	**વિગત**	**આંક**
૧.	આરોપીની પ્લી	૦૬
–	–	–
કબજે કરેલ મુદ્દામાલ		
અનુક્રમ નં.	**વિગત**	**આર્ટિકલ નં.**
–	–	–
–	–	–

::ચૂકાદો::

૧. <u>ફરિયાદની હકીકત ટૂંકમાં નીચે મુજબ છે::(આંક-૦૧)</u>

૧.૧ આ કામની ફરિયાદી પેઢી આઈકોન ફાયનાન્સિયલ સર્વિસીઝના નામથી નાણા ધીરધારનો ધંધો કરે છે જે ગૃપમાં તેમજ વ્યક્તિગત ધોરણે ફાઈનાન્સ કરી જરૂરિયાત મુજબ લોન આપવાનું કામકાજ કરે છે. ફરિયાદી સદરહુ પેઢીમાં આસી. મેનેજર તરીકે નોકરી કરતા હોઈ, કંપની તરફથી મળેલ સત્તા અને અધિકારપત્રની રૂઈએ ફરિયાદ દાખલ કરેલ છે. આ કામના આરોપીએ ફરિયાદીની પેઢીમાંથી **ગૃપ નંબર-૫૦૦૬/૧** થી લોન એકાઉન્ટ **નં. ૨૩૦૧૦૦૪૬૫** થી અંગત કામ માટે નાણાની જરૂરિયાત અર્થે **રૂા. ૪૫,૦૦૦/-** ની લોન લીધેલ અને આ કામના આરોપીએ માસિક **રૂા. ૪,૬૫૦/-**ના હપ્તેથી કુલ **૧૨** હપ્તામાં ફરિયાદીની પેઢીને ચૂકવી આપવાનું નક્કી થયેલ, પરંતુ આરોપી સદરહુ લોન પેટેના હપ્તા નિયમિત ભરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી માસિક હપ્તાની તથા અન્ય ચાર્જીસ પેટેની રકમ **રૂા. ૭૦,૪૦૦/- તા.૦૨/૦૩/૨૦૨૪** ના રોજનો તેમની ખાતાવાળી બેંક ઈન્ડિયન ઓવરસીસ બેંક, કાલુપુર સર્કલ શાખા, અમદાવાદનો **ચેક નં. ૦૦૦૦૨૪,** નો ચેક લખી આપેલ. સદર ચેક ફરિયાદીએ તેમની ખાતવાળી બેંક એચ.ડી.એફ.સી. બેંક લી. પંચવટી શાખા, અમદાવાદમાં ભરતાં જે "**ફંડ્સ ઈનસફીસીયન્ટ**"ના શેરા સાથે પરત ફરેલ છે. જેની જાણ ફરિયાદીને **તા.૦૪/૦૩/૨૦૨૪** ના રોજ ચેક રિટર્ન મેમોથી થયેલ છે.

૧.૨ સદર ચેક પરત ફરતા ફરીયાદીએ તેમના વિ.વકીલશ્રી મારફતે **તા.૧૮/૦૩/૨૦૨૪** ના રોજ આરોપીને પોસ્ટ મારફતે લીગલ નોટીસ મોકલેલ, જે નોટીસ **તા.૧૯/૦૩/૨૦૨૪** ના રોજ બજી ગયેલ છે, પરંતુ આરોપી નોટીસની સમયમર્યાદામાં કાયદેસરની લેણી રકમ ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ ફરિયાદીએ હાલની ફરીયાદ આરોપી વિરૂદ્ધ ધી નેગો.ઈન્સ્ટ્રુ. એક્ટની કલમ ૧૩૮ અન્વયે દાખલ કરેલ છે.

૨. આરોપીને સમન્સ બજી જતાં, હાજર થતાં તેમને કેસ પેપર્સની નકલ આપ્યા બાદ **આંક ૦૬ ની** પ્લી નોંધવામાં આવી છે જેમાં આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરેલો છે.

૩. **<u>ફરિયાદપક્ષનો પુરાવો::</u>**

ફરિયાદી દ્વારા નીચે મુજબના પુરાવા રજુ કરેલ છે–

<u>મૌખિક પુરાવા</u>

અનુ. નં.	**સાહેદનું નામ**	**સાહેદનો પ્રકાર**	**આંક**
૧.	આઈકોન ફાઈનાન્સિયલ સર્વિસીઝ ઓથોરાઈઝ પર્સન–ગૌતમ રેવાભાઈ ચાવડા	ફરિયાદી	**૦૩**

<u>દસ્તાવેજી પુરાવા::</u>

<u>અ.નં.</u>	**<u>વિગત</u>**	**<u>આંક</u>**
૧.	નાણા ધીરધાર કરનારનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ	૦૯
૨.	જનરલ પાવર ઓફ એટર્નીની પ્રમાણિત નકલ	૧૦
૩.	લોન મેળવવા માટે કરેલ અસલ અરજી ફાર્મ કે.વાય.સી. સાથે	૧૧

૪.	ચેક રીટર્નની ડીમાન્ડ પ્રોમિસરી નોટની ઓફીસ કોપી	૧૨
૫.	ફરિયાદીની પેઢીને લખી આપેલ સંમતિ પત્ર	૧૩
૬.	લોનના સંદર્ભેની ડ્યુ એમાન્ટ શીટની કોપી	૧૪
૭.	અસલ ચેક નં.૦૦૦૦૨૪	૧૫
૮.	રિટર્ન મેમો અસલ	૧૬
૯.	લીગલ નોટીસની ઓફીસ કોપી	૧૭
૧૦.	નોટીસ મોકલ્યાની આર.પી.એડી. સ્લીપની પહોંચ	૧૮
૧૧.	એક્નોલેજમેન્ટ સ્લીપ/ટ્રેક રિપોર્ટ	૧૯

રેકોર્ડ વંચાણે લેતાં ફરિયાદીની ઉલટતપાસ આરોપી તરફે નોંધવા માટે કામ મુલતવી રાખવામાં આવેલ હતુ, પરંતુ પુરતી અને વ્યાજબી તકો આપવા છતાં ફરિયાદીની ઉલટતપાસ કરવા માટે આરોપી કે તેમના તરફે કોઈ હાજર ન રહેતા **આંક–૦૭** અરજી તળે આરોપીનો ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ તથા ફરિયાદપક્ષ દ્વારા **આંક–૨૦** થી ક્લોસીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

૪. આરોપીનુ ફોજદારી કાર્યરીતી સહિંતાની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવુ જરૂરી છે, પરંતુ વધારાનુ નિવેદન તૈયાર કરીને કામમાં સાામેલ રાખવામાં આવેલ છે તેમ છતા આરોપી હાજર ન રહેતાં ગુજરાત રાજ્યની નામદાર વડી અદાલતના **મનોજ વાસુદેવ સોમપુરા વિ. ગુજરાત રાજ્ય**[1] ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતોને ધ્યાને રાખી આરોપીના વધારાના નિવેદનનો હક્ક **આંક–૨૧** ની અરજી લગત હુકમ કરીને મોકૂફ કરવામાં આવેલ છે તેથી સદર કામે આરોપીનુ વધારાનું નિવેદન નોંધવામાં આવેલ નથી.

1 **Special Criminal Application No. 6721 of 2023**

૫. <u>બચાવપક્ષ તરફેના પુરાવાઃઃ</u>

આરોપીઓ તરફે કોઇ પ્રકારના દસ્તાવેજી કે મૌખીક પુરાવા રજુ કરવામાં આવેલ નથી અને આરોપીઓ તરફે તેમનું વધારાનું નિવેદન પણ આપવામાં આવેલ નથી તે સંજોગોમાં સદર કામે આરોપીઓ તરફે કોઇ પુરાવો પણ રજુ કરવામાં આવેલ નથી.

૬. <u>કેસની કાર્યવાહીનો સ્વરૂપ ::</u>

અધિનીયમની કલમ ૧૪૩ મુજબ આ કેસની કાર્યવાહી સમરી સ્વરૂપે ચલાવવાની રહે છે પરંતુ આ કેસમાં લંબાણપુર્વક પુરાવો નોંધવામાં આવેલ છે. આમ, તે બાબતનો હુકમ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ તે સમય કરવામાં આવેલ છે અને તે હુકમ મુજબ હાલના કેસની ઈન્સાફી સમન્સ ટ્રાયેબલ પધ્ધતી મુજબ ચલાવવામાં આવેલ છે.

૭. <u>દલીલોઃઃ</u>

૭.૧ હાલના કામે ફરીયાદીના વિ.વ.શ્રી દ્ધારા લેખિત દલીલો કરીને જણાવેલ છે કે, આરોપી ગૃપ નંબર–**૫૦૦૬/૧** થી લોન એકાઉન્ટ **નં. ૨૩૦૧૦૦૪૬૫** લોન એગ્રીમેન્ટ મુજબ લોન પુરી કરવાની હતી, પરંતુ આરોપી લોન ભરી શકેલ નહીં, જેથી ફરિયાદીએ આરોપી પાસેથી લેવાની લેણી રકમ માંગણી કરતાં આરોપીએ વાદવાળો ચેક સહી કરીને આપેલ જે જમાં કરાવતાં **"ફંડ્સ ઈનસફીસીયન્ટ"**ના શેરા સાથે પરત ફરેલ છે જેથી આરોપીને લીગલ ડિમાન્ડ નોટીસ આપવામાં આવેલ છે અને નોટીસનો આરોપી આર.પી.એડી. મારફતે મળી ગયેલ હોવા છતાં આરોપીએ જવાબ કે સમયમર્યાદામાં ચેકના નાણાં ચૂકવેલ નથી જેથી ફરિયાદીએ સદર ફરિયાદ સમય મર્યાદામાં દાખલ કરેલ છે. તમામ સંજોગોમાં ફરીયાદીની તરફેણના

કાયદાકિય અનુમાનોનુ બચાવ પક્ષ દ્વારા ખંડન કરવામાં આવેલ નથી અને તે સંજોગોમાં તકરારી ચેક તે કાયદેસરની લેણી રકમ માટે જ આપવામાં આવેલ હોવાનુ અનુમાન કરવું જરૂરી છે અને તે અનુમાનના આધારે આરોપીઓ સામે સદર કેસ નિઃશંકપણે ફરિયાદીએ પુરવાર કરેલ છે, જેથી આરોપીઓને કડકમાં કડક સજા અને દંડ કરવા તથા ચેકની રકમથી બમણી રકમનું વળતર ફરીયાદીને અપાવવા અરજ કરેલ છે.

૭.૨– બચાવપક્ષનો કેસ જોવામાં આવે તો, આરોપીઓના વધારાના નિવેદનનો હક્ક સ્થગિત કરવામાં આવેલ છે અને ત્યારબાદ પણ આરોપી હાજર રહેતાં ન હોવાથી આરોપીની દલીલોનો હક્ક પણ બંધ કરવામાં આવેલ જેથી આરોપીઓની દલીલો રેકોર્ડ પર રજુ થયેલ નથી.

૮. **મુદ્દાઃ**

હાલની ફરિયાદના ન્યાય નિર્ણય માટે નીચે મુજબા મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબીત કરે છે કે, ફરીયાદવાળો ચેક આરોપીએ તેના કાયદેસરના દેવાની ચુકવણી માટે ફરીયાદીને આપેલ છે જે વગર સ્વીકાર્યે પરત ફરતાં આરોપીએ વટાવખત અધિનીયમની કલમ ૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

૯. ઉપરોક્ત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે –

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

૧૦. આ કામે ઉપરોક્ત મુદાના કારણોની ચર્ચા કરતા અગાઉ કાયદાકીય

પરીસ્થિતીની ધ્યાને લેવી જરૂરી થઇ પડે છે.

૧૦.૧–<u>કલમ ૧૧૮ વટાવખત વિશે અનુમાન</u>

એથી વિરૂધ્ધનુ સાબિત ન થાય ત્યા સુધી નીચે પ્રમાણેના અનુમાન કરવામાં આવશે.

(અ) **<u>અવેજ વિશેઃ:</u>**

દરેક વટાવ ખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું, અને એવું દરેક ખત જ્યારે તે સ્વીકારવામાં આવ્યું હોય, તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય, તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય, ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતું. તેના ઉપર શેરો કરી આપ્યો હતો,તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યું હતું.

(બ) **<u>તારીખ વિશેઃ</u>** જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉ ખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું.

(ક) **<u>સ્વીકારનાર સમય વિશેઃ</u>** સ્વીકારાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાક્યાની તારીખ પહેલા વાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતુ.

(ડ) **<u>તબદીલીના સમય વિશેઃ</u>** કોઈ વટાઉખતની દરેક તબદીલી તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

(ઈ) **<u>શેરાઓના ક્રમ વિશેઃ</u>** કોઈ વટાઉખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

(ફ) **<u>સ્ટેમ્પ વિશેઃ</u>** ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

(ગ) **<u>ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિષેઃ</u>** કોઈ વટાઉ ખતનો ધારક છે યથાક્રમ ધારક છે એમ માની લેવુ સિવાય કે, તે ખત તેના કાયદેસરના માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યક્તિ પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી, અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ખતનો ધારક પોતે યથાક્રમ ધારક છે એમ સાબિત કરવાનો બોજો તેના ઉપર છે.

<u>કલમ–૧૩૮– ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકારઃ</u>

સમગ્ર અથવા અંશતઃ કોઈ પણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે, કોઈ વ્યક્તિ, પોતે નિભાવતો હોય તેવા બેંક ખાત ઉપરનો ચેક, એ ખાતામાંથી બીજી વ્યક્તિને નાણાંની ચૂકવણી કરવા માટે બેંકરને લખે અને એવા ચેકની ચૂકવણી કર્યા વિના બેંક એ પરત કરે, કારણ કે એ ખાતામાંની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપૂરતી છે, અથવા તો બેંક સાથે સમજૂતીથી કરેલી વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકમની રકમ એ રકમ કરતાં વધુ છે, ત્યારે આવી વ્યક્તિએ ગુનો કર્યો ગણાશે, અને આ કાયદાની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને "બે વર્ષ" સુધીની કેદની શિક્ષા, અથવા ચેકની

રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બંને કરવામાં આવશે.પરંતુ એમ ઠરાવ્યું છે કે,...

(એ) જ્યાં સુધી, ચેક લખ્યાની તારીખથી છ માસ (હાલ ૩ માસ) અથવા તે કાયદા માન્ય હોય તે મુદ્દત– એ બેમાંથી જે વહેલી હોય તે મુદ્દતમાં તેવો ચેક બેંકમાં રજુ કરવામાં આવ્યો ન હોય,

(બી) જ્યાં સુધી, તે ચેકનો પેઈ અથવા તો યથાક્રમધારક, જેમ હોય તેમ, તે ચેક વણચૂકવ્યો પરત આવ્યાની બેંક તરફથી તેને માહીતિ મળ્યાના 'ત્રીસ દિવસ'ની અંદર તે ચેકના લખનારને લેખિત નોટીસ આપીને તેવી રકમની ચૂકવણીની માંગણી કરે નહિ, અને

(સી) જ્યાં સુધી એવો ચેક લખનાર, ચેકનાં નાણાં લેનાર પેઈને અથવા તે ચેકમાં યથાનુક્રમધારકને, જેમ હોય તેમ, ઉપરોક્ત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચૂકવણી કરવામાં નિષ્ફળ જાય નહિ, ત્યાં સુધી આ કલમમાંનુ કશું જ લાગુ પડશે નહિ.

<u>સ્પષ્ટિકરણઃ</u>

આ કલમના હેતુઓ માટે દેવું અથવા અન્ય જવાબદારી એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

<u>કલમ–૧૩૯ ધારકની તરફેણમાં અનુમાનઃ</u>

જ્યાં સુધી વિરૂદ્ધનું સાબિત થાય તે સિવાય એવુ માની લેવામાં આવશે કે ચેકના ધારકને સમગ્ર અથવા અંશતઃ દેવા અથવા બીજી

જવાબદારી અદા કરવા માટે કલમ ૧૩૮ માં ઉલ્લેખેલ પ્રકારનો ચેક મળ્યો છે.

૧૦.૨ –<u>અધિનિયમની કલમ ૧૩૮ના તત્તવો</u>

આમ, અધિનિયમની કલમ ૧૩૮ નો ગુન્હો જોઈએ તો તેના તત્વો નીચે મુજબ છે.

(૧) કોઈ કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે ચેક આપવામાં આવેલો હોવો જોઈએ.

(૨) ચેક લખનાર વ્યક્તિના ખાતામાં અપુરતા નાણા ભંડોળના કારણે ચેકનો અનાદર થયેલ હોવો જોઈએ.

(૩) ચેક લખ્યા તારીખથી છ માસની સમય મર્યાદામાં ક્લીયર થવા માટે બેંકમાં રજુ થયેલ હોવો જોઈએ.

(૪) ચેકનો અનાદર થયા બાદ બેંક તરફથી માહિતી મળ્યાના ૧૫ દિવસની અંદર (હવે સુધારો થયા બાદ ૩૦ દિવસની અંદર) ચેક લખનારને લેખિત ડિમાન્ડ નોટીસ આપીને ચેકમાંની રકમની માંગણી કરેલી હોવી જોઈએ.

(૫) નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપી ચેકની રકમ ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવો જોઈએ.

(૬) દેવું કે જવાબદારી કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવી હોવી જોઈએ.

આમ, ઉપરોક્ત તમામ તત્વો સાબિત કરવામાં ફરીયાદપક્ષ સફળ થાય તો જ અધિનિયમની કલમ ૧૩૮ અન્વયે આરોપીને દોષિત ઠરાવી શકાય.

::કારણો::

<u>મુદ્દા નં. ૧ઃ</u>

૧૧. પુરાવાનું મુલ્યાંકનઃ–

૧૧.૧– મુદા નં. ૧ ના તારણ સુધી પહોંચવા માટે આ કામે ફરીયાદપક્ષ દ્ધારા રજુ કરવામાં આવેલ પુરાવો જોવામાં આવે તો ફરીયાદીએ **આંક ૦૩** થી તેમની સરતપાસ આપવામાં આવેલ છે જેમાં તેઓએ ફરીયાદને અનુરૂપ પુરાવો આપેલ છે. સદર કામે હાલની ફરીયાદ સાથે ફરીયાદી તરફે જે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે તે ધ્યાને લેવામાં આવે તો તેમાં ઉપરોક્ત લીસ્ટ માં દર્શાવેલ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

૧૧.૨– સદર ફરીયાદીની બચાવપક્ષ દ્ધારા ઉલટતપાસ કરવામાં આવેલ નથી અને તે સંજોગોમાં આરોપી તર્ફે કોઇ પણ પ્રકારનો બચાવ રેકર્ડ ઉપર આવેલ નથી. આરોપી દ્ધારા ફરીયાદીની નોટીસનો જવાબ આપવામાં આવેલ હોય તેવો કોઈ જવાબ પણ હાલના કામે રેકર્ડ ઉપર આવેલ નથી તે સંજોગોમાં સદર કામે બચાવપક્ષ દ્ધારા કોઈ પણ પ્રકારનો બચાવ રેકર્ડ ઉપર આવેલ હોવાનું જણાઇ આવતુ નથી. આ કામે જોવામાં આવે તો અધિનિયમમાં કરેલ જોગવાઈ મુજબ અનુમાનોનુ ખંડન કરતો પુરાવો આરોપી દ્ધારા રજુ કરવામાં ન આવે ત્યાં સુધી આરોપી વિરૂધ્ધ અધિનીયમ ની કલમ ૧૩૮ મુજબનો ગુનો પુરવાર માનવાનો રહે છે. તે બાબતે નામદાર સર્વોચ્ચ અદાલત દ્ધારા **મેસર્સ કુમાર એક્સપોર્ટ વિ. વિનોદ શર્મા**[2] ના

2 **2009(2) G.L.R. 1240**

ચુકાદામાં પારા–૧૧માં અનુમાનો ક્યારે કરી શકાય અને અનુમાનોનુ ખંડન કરવાની જવાબદારી આરોપી કેવી રીતે નિભાવી શકે તે બાબતે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ છે. સદર ચુકાદાને માનપૂર્વક વંચાણે લેતાં, અનુમાનોનુ ખંડન કરી શકે તે મુજબના પ્રોબેબલ બચાવ કે જે બચાવ આધારે અનુમાનોનુ ખંડન થાય છે તેવું માનવા સામાન્ય બુધ્ધિશાળી માણસ પ્રેરાય તેવો પુરાવો આરોપીપક્ષે રજુ કરવામાં આવેલ છે કે કેમ અથવા તેવો બચાવ આરોપી પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ છે કે કેમ તે ધ્યાને લેવુ પડે.

૧૧.૩– તે બાબતે જોવામાં આવે તો આરોપી દ્વારા હાલના કામે કોઇ પ્રકારનો બચાવ લેવામાં આવેલ નથી અને બચાવ કરવા માટે આરોપી હાજર પણ રહેલ નથી. આરોપી દ્વારા કોઈ પુરાવો પણ રજુ કરવામાં આવેલ નથી કે આરોપી દ્વારા તેઓ સદર રકમ આપવા બંધાયેલ ન હોવાનુ કે સદર ચેક તે આરોપીએ કાયદેસરના દેવાની ચુકવણી માટે આપેલ ન હોવા બાબતની કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. તે માટે આરોપી દ્વારા પુરાવો આપવો જરૂરી નથી, પરંતુ ફરીયાદીની ઉલટતપાસ પણ આરોપી દ્વારા કરવામાં આવેલ ન હોવાથી આરોપી તેમના વિરૂધ્ધના અનુમાનોનુ ખંડન કરવામાં સફળ નીવડેલ હોય તેમ માની શકાય નહી. વધુમાં સદર કામે આરોપીનો ચેક ફરીયાદી પાસે કેવી રીતે ગયેલ તે બાબતે કોઈ જ હકીકત બચાવપક્ષ તરફે રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી.

૧૧.૪– આ કામે જોવામાં આવે તો બચાવપક્ષ તર્ફે એવી કોઈ તકરાર લેવામાં આવેલ નથી કે, ફરીયાદી દ્વારા જે ચેક રજુ કરવામાં આવેલ છે તે ચેકમાં આરોપીની સહી નથી કે તે ચેક આરોપીના ખાતાનો નથી એ હકીકત સ્પષ્ટ થતાં હવે અધિનિયમની ઉપરોક્ત ચર્ચેલ કલમ ૧૧૮, ૧૩૯ મુજબના અનુમાનો પેચી અને હોલ્ડર ઇન ડ્યુ કોર્સ ના લાભમાં થાય છે અને આ અનમુનો ખંડન કરવાની જવાબદારી આરોપી ઉપર રહેલ છે. જે અનુમાનો મુજબ, ફરીયાદવાળો જે ચેક છે, તે કાયદેસરના દેવાની ચુકવણી માટે અથવા અન્ય જવાબદારી ફેડવા માટે આપવામાં આવેલ હતો. આમ, આ તમામ હકીકત ફરિયાદીએ નિઃશંકપણે સાબીત કરેલ છે કે ફરીયાદીને આરોપી દ્વારા આપવામાં આવેલ ચેક આરોપીએ તેના કાયદેસરના દેવાની ચુકવણી માટે ફરીયાદીને આપેલ છે.

૧૧.૫– વધુમાં હાલના કામે **રંગપ્પા વિ. શ્રી મોહન**[3]નો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવેલ કે, જ્યારે ચેક પરત ફરેલ હોવાની હકીકત સાબીત થાય ત્યારે આરોપીએ તેમના કેસનો બચાવ કરવો જરૂરી છે અને તેની રજુઆત કરવી જરૂરી છે અને ફરીયાદી દ્વારા જ્યારે પ્રથમ દર્શનીય કેસ પુરવાર થાય તો તે સંજોગોમાં આક્ષેપો અને અનુમાનનું ખંડન કરવાની જવાબદારી આરોપીની છે અને આરોપી તરફથી અપાયેલા ચેક આરોપીએ લીધેલ રકમના અનુસંધાને કાયદેસરની જવાબદારી પરીપુર્ણ કરવા માટે અપાયેલ હોય તેવું પુરવાર કરવામાં જ્યારે

3 Criminal Appeal No. 1020 of 2010 In the Hon’ble Court of India

ફરીયાદપક્ષ સફળ નીવડેલ છે ત્યારે અધિનિયમની કલમ ૧૧૮ અને કલમ ૧૩૯ ના સ્ટેટ્યુટરી પ્રીઝમ્પશન રીબર્ટ કરવાની જવાબદારી આરોપીની છે અને તે માટે આરોપીએ સ્પષ્ટ અને વિશ્વસનીય માન્ય રાખી શકાય તેવો ખંડનાત્મક પુરાવો આપવો જોઈએ. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **ટી. વસંથાકુમાર વિ. વિજયકુમારી**[4]ના ચુકાદામાં પણ નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

10. Therefore, in the present case since the cheque as well as the signature has been accepted by the accused respondent, the presumption under Section 139 would operate Thus the burden was on the accused to disprove the cheque or the existence of any legally recoverable debt or liability To this effect the accused has come up with a story that the cheque was given to the complainant long back in 1999 as a security to a loan the loan was repaid but the complainant did not return the security cheque According to the accused it was that very cheque used by the complainant to implicate the accused However, it may be noted that the cheque was dishonoured because the payment was stopped and not for any other reason This implies that the accused had knowledge of the cheque being presented to the bank, or else how would the accused have instructed her banker to stop the payment Thus, the story brought out by the accused is unworthy of credit apart from being unsupported by any evidence."

૧૧.૬ – આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યા મુજબ જ્યારે ચેક તથા સહી આરોપીએ સ્વીકૃત કરેલ હોય ત્યારે ચેક કોઈ કાયદેસરનુ લેણુ કે જવાબદારી માટે આપવામાં આવેલ નથી તેવું પુરવાર કરવાની

4 A.I.R. 2015 S.C. 2240

જવાબદારી આરોપીની છે. હાલના કેસમાં આરોપી દ્વારા કોઈ પણ પ્રકારનો બચાવ રજુ કરેલ નથી. આ કામના આરોપીએ અધિનીયમની કલમ ૧૧૮ તથા ૧૩૯ મુજબના ફરીયાદીની તરફેણના અનુમાનોને રીબર્ટ કરતો કોઇ પણ પ્રકારનો બચાવ કે પુરાવો રજુ કરેલ નથી અને અનુમાનોનું ખંડન કરેલ નથી. આ સંજોગોમાં આરોપીએ ફરીયાદીને આપેલ તકરારી ચેક ફરીયાદીને કાયદેસરની લેણી થતી રકમ પેટે આપેલ હોવાનું પુરવાર માનવામાં આવે છે અને સદર તકરારી ચેક પરત ફરેલ હોય અને આરોપીએ ફરીયાદીને નાણા ચુકવેલ નથી તેવુ ફરિયાદીના પુરાવથી પુરવાર થયેલ છે.

૧૨. આ કામે અધિનીયમની કલમ ૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે તે બાબતે ચર્ચા કરવામાં આવે તો આરોપી દ્વારા ફરીયાદીને કાયદેસરના લ્હેણા પેટે ચેક આપવામાં આવેલ છે અને તે ચેક પરત ફર્યા બાદ આરોપી દ્વારા ફરીયાદીને સદર રકમ પરત કરેલ નથી. આમ જયારે ફરીયાદીએ આરોપીને ચેક આપેલ હોવાનું અનુમાન કાયદા મુજબ કરવામાં આવેલ છે તે સજોગોમાં સદર રકમ પરત ચુકવવાની જવાબદારી જ્યારે આરોપીની થાય છે અને તે રકમ આરોપીને નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં ચુકવવામાં ન આવે અને તે બાબતની ફરીયાદ કરવી પડે તો તે સંજોગોમા ઉપરોક્ત ચર્ચવામાં આવેલ અધિનિયમની કલમ ૧૩૮ના તત્વો ને ધ્યાને લેવા જરૂરી થઇ પડે છે.

<u>તત્વ (૧) કોઇ કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે ચેક આપવામાં આવેલો હોવો જોઇએ.</u>

અધિનિયમની કલમ ૧૩૮ મુજબ જોવામાં આવે તો ફરીયાદીએ સાબીત કરવું જરૂરી છે કે, કોઈ કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે ચેક આપવામાં આવેલો હોવો જોઇએ જે હકીકત ફરીયાદી દ્વારા મુદા નં ૧ લગત સાબિત કરવામાં આવેલ છે.

<u>તત્વ (૨) ચેકના લખનાર વ્યક્તિના ખાતામાં અપુરતા નાણા ભંડોળના કારણે જ ચેકનો અનાદાર થયેલ હોવો જોઇએ.</u>

આ કામે **આંક ૧૬** વાળા રીટર્ન મેમો જોવામાં આવે તો આરોપીએ ફરીયાદીને આપેલ ચેક તે "**ફંડ્સ ઈનસફીસીયન્ટ**"ના કારણે પરત ફરેલ હોવાનું જણાઈ આવે છે અને તે બાબતે આરોપી દ્વારા ચેક રજુ કરવામાં આવેલ તે સમયે તેમના ખાતામાં પુરતા નાણાં હોવા બાબતની કોઈ રજુઆત કરવામાં આવેલ નથી.

<u>તત્વ (૩) ચેક લખ્યા તારીખથી છ માસની સમયમર્યાદામાં (સુધારા મુજબ ત્રણ માસ) કલીયર થવા માટે બેન્કમાં રજુ થયેલ હોવો જોઇએ.</u>

આ કામે અધિનિયમની કલમ ૧૩૮ મુજબના તત્વો મુજબ સદર ચેક, ચેક લખ્યા તારીખથી છ માસની સમયમર્યાદામાં (સુધારા મુજબ ત્રણ માસ) કલીયર થવા માટે બેન્કમાં રજુ થયેલ હોવો જોઇએ આ કામે ફરીયાદવાળો ચેક **તા.૦૪/૦૩/૨૦૨૪** ના રોજ પરત ફરેલ છે આમ, સદર તત્વ મુજબ પણ સમયમર્યાદામાં તે ચેક ફરીયાદી દ્વારા બેંકમાં રજુ કરવામાં આવેલ છે.

<u>તત્વ (૪) ચેકનો અનાદર થયા બાદ બેન્ક તરફથી માહિતી મળ્યાના ૧૫ દિવસની અંદર (હવે સુધારો થયા બાદ ૩૦ દિવસની અંદર) ચેક લખનારને લેખિત ડીમાન્ડ નોટીસ આપીને ચેકમાની રકમની માગણી કરેલી હોવી</u>

આ કામે સદર ચેક **તા.૦૪/૦૩/૨૦૨૪** ના રોજ પરત ફર્યા બાદ **તા. ૧૮/૦૩/૨૦૨૪** ના રોજ ફરીયાદી દ્વારા તે ચેક પરત ફર્યા બાબતની નોટીસ આપવામાં આવેલ છે. જે નોટીસ **તા.૧૯/૦૩/૨૦૨૪** ના રોજ બજી ગયેલ છે, આમ ફરિયાદી દ્વારા સદર ચેક પરત ફર્યા બાબતની નોટીસ પણ સમયમર્યાદામાં આપવામાં આવેલ છે.

<u>તત્વ (૫) નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપી ચેકની રકમ ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવો જોઈએ.</u>

સદર કામે આરોપીને નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણાં ફરિયાદીને આપેલ નથી **આંક ૧૭** વાળી નોટીસ આરોપીને મળી ગયેલ હોવાનું આર.પી.એડી. ના ટ્રેક રિપોર્ટને **આંક ૧૯** થી પરત આવેલ અસલ કવર ફરિયાદીએ રજુ રાખેલ છે.

<u>તત્વ (૬) દેવું કે જવાબદારી કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવી હોવી જોઇએ.</u>

કામે ફરિયાદીની ફરીયાદ મુજબ ફ ફરીયાદી અને આરોપી વચ્ચે ધંધાકીય સંબંધો હોઈ, ફરિયાદીએ આરોપીને આપેલ નાણાની લેણી રકમની ચૂકવણી માટે આરોપી દ્વારા ફરીયાદવાળો ચેક આપવામાં આવેલ હતો અને તેનાથી વિપરીત કોઇ હકીકત બચાવપક્ષ તર્ફે રજુ કરવામાં આવેલ નથી. તેથી ફરીયાદીની તરફેણમાં અનુમાન કરવું જરૂરી થઇ પડે છે અને સદર

રકમ તે દેવા કે જવાબદારી સ્વરૂપની માની શકાય તેમ છે અને તેનો કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેમ પણ છે.

૧૩– આમ, ફરીયાદી દ્વારા અધિનિયમની કલમ ૧૩૮ મુજબના તમામ તત્વો સાબીત કરવામાં આવેલ છે અને આરોપી દ્વારા તેની વિરૂધ્ધની હકીકતો સાબીત કરવામાં આવેલ નથી અને તેથી અધિનીયમની કલમ ૧૧૮ તથા ૧૩૯ જેની ચર્ચા ઉપર કરવામાં આવેલ છે તે ધ્યાને લેતાં આરોપી ની વિરુધ્ધનુ અનુમાન કરવાને રહે છે અને આ કામે રજુ પુરાવાઓ ધ્યાને લેતાં તેમજ ઉપરોક્ત ચર્ચેલ મુદ્દા નં ૧ને ધ્યાને લેતાં જ્યારે આરોપી વિરૂધ્ધ કાયદેસરનું અનુમાન કરવામાં આવેલ છે તે સંજોગોમાં આરોપીએ અધિનિયમની કલમ ૧૩૮ મુજબનો ગુન્હો કરેલ હોવાનું માનવાને રહે છે અને તેથી મુદા નં.૦૧ નો જવાબ હું હકારમાં આપું છું અને મુદ્દા નં. ૦૨ માટે નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

:: હુકમ ::

- આ કામના આરોપી પીન્કીબેન અતુલભાઈ રામીનાઓને વટાવખત અધિનિયમની કલમ ૧૩૮ ના ગુના સબબ તકસીરવાર દોષિત ઠરાવવામાં આવે છે.
- સદર કામ સજા બાબતે પક્ષકારોને સાંભળવા માટે રાખવામાં આવે છે.

હુકમ આજરોજ તા. **૨૯** મી, માહે **નવેમ્બર,** સને **૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

[શિવકુમાર પ્રભુદયાલ કેન]
૨૬માં એડી.ચીફ જ્યુ. મેજીસ્ટ્રેટ,
ને.ઈ.એ. કોર્ટ નં.૩૫, અમદાવાદ સીટી.

::સજા બાબતે સાંભળ્યા બાદનો હુકમ::

૧. સજા બાબતે સાંભળવા માટે આરોપીને તક આપવામાં આવેલ છે પરંતુ આરોપી કે તેમના વિ.વ.શ્રી. હાજર રહેલ નથી. તે બાબતે ગુજરાત રાજ્યની નામદાર વડી અદાલતનો **શરદ જેઠાલાલ સાવલા વિ. ગુજરાત રાજ્ય**[5]' ના ચુકાદામાં ઠરાવેલ સિંધ્ધાત ધ્યાને લેવામાં આવેલ છે.

૨. ફરીયાદી તરફે વિ.વ. શ્રી. દ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે, હાલના કામે આરોપીને અધિનિયમની કલમ ૧૩૮ મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરેલ છે જેથી રેકોર્ડની તમામ હકીકતો ધ્યાને રાખીને આરોપીને વધુમાં વધુ સજા કરવા તથા ચેકની રકમથી બમણી રકમનુ વળતર અપાવવા અરજ કરેલ છે.

૩. આવા સંજોગોમાં હવે જ્યારે આરોપીને સજા અંગેની વિચારણા કરવામાં આવે ત્યારે આરોપીને માત્ર કેદની સજા ફરમાવવામાં આવે તો ફરીયાદીને ચેક વણચુકવાયેલ પરત ફરેલ હોય તેનાથી થયેલ નુકશાન ભરપાઈ થઈ શકે નહી અને તેથી ફરીયાદીને યોગ્ય ન્યાય મળેલ ગણી શકાય નહી. ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૩૫૭ ની જોગવાઈઓથી અહી હાલના કેસમાં ચેકની રકમ મુજબ ફરીયાદપક્ષને વળતર મળે તેવો હુકમ થવો ન્યાયોચિત જણાય છે.

૪. વળતર અંગે હુકમ કરતાં અગાઉ નામદાર સર્વોચ્ચ અદાલતે **અંકુશ શિવાજી ગાયકવાડ વિ. મહારાષ્ટ્ર રાજ્ય**[6], ના ચુકાદામાં પેરા નં. ૪૬ અને ૬૩ નું અવલોકન કરેલ છે તેમજ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૩૫૭(૩) વંચાણે લેતાં ફરીયાદીને ચેક પેટેની કોઈ રકમ આજદીન સુધી મળેલ નથી અને સદર કેસનો દાખલ વર્ષ તેમજ ફરીયાદીને પડેલ હાડમારીઓ ધ્યાને રાખી તથા

5 2017(3) G.L.R. 2352
6 (2013) 6 SCC 770

ફરીયાદીને થયેલ ખર્ચ વિગેરે બાબતની હકીકતો ધ્યાને રાખી આરોપીએ ફરીયાદીને ચેકની રકમ વળતર રૂપે ચુકવી આપવી તેવો હુકમ ફરમાવવામાં આવે તો તે વ્યાજબી અને ન્યાયોચિત ગણાશે તેમ મારૂ માનવુ છે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત **સુગંથી સુરેશકુમાર વી. જગદીશન**[7]**,** ના ચુકાદામાં એમ પણ ઠરાવેલ છે કે, જો આરોપી આ વળતરની રકમ ચુકવી આપવામાં કસુર કરે તો અદાલત કેદની સજા ભોગવવાનો હુકમ પણ ફરમાવી શકે.

૫. આમ, આ કામે પક્ષકારો વચ્ચેનો વ્યવહાર તે વ્યાપારીક વ્યવહાર હોવાથી અને કેસની હકીકતને ધ્યાને લેતાં પુરેપુરી સજા કરવી કે ચેકની રકમની બમણી રકમ ચુકવવાનો હુકમ કરવો વ્યાજબી જણાતો નથી, પરંતુ આરોપી દ્વારા અધિનિયમની કલમ ૧૩૮ મુજબનો ગુન્હો કરેલ હોવાથી વ્યાજબી મુદતની સજા કરવામાં આવે તો તે ન્યાયોચિત ગણાશે તેમ મારૂ માનવું હોવાથી તમામ ચર્ચાને ધ્યાને રાખીને નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

:: આખરી હુ ક મ ::

- ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૨૫૫(૨) હેઠળ આરોપી પીન્કીબેન અતુલભાઈ રામીનાઓને અધિનિયમની કલમ ૧૩૮ના શિક્ષાપાત્ર ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી ૧ વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.
- ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૩૫૭(૩) અન્વયે આરોપીએ ચેકની રકમ પેટે **રૂા. ૭૦,૪૦૦/- (અંકે રૂા. સીત્તેર હજાર ચારસો પુરા)** નુ વળતર ફરીયાદીને ચુકવી આપવાના રહેશે તેવો હુકમ કરવામાં આવે છે.
- વળતર ની રકમ **રૂા. ૭૦,૪૦૦/- (અંકે રૂા. સીત્તેર હજાર ચારસો પુરા)** જેટલી હોઈ. સદરહુ રકમ ફરીયાદીને ચુકવવા અથવા કોર્ટમાં જમા કરાવવા માટે

7 AIR 2002 SC 681

આરોપીને **દિન-૩૦** નો સમય આપવામાં આવે છે. આરોપીએ **રૂા. ૭૦,૪૦૦/- (અંકે રૂા. સીત્તેર હજાર ચારસો પુરા)** હુકમ થયાના **દિન-૩૦** માં ફરીયાદીને ચુકવવા અથવા કોર્ટમાં જમા કરાવવાના રહેશે.

- જો આરોપી ઉપર મુજબની વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો આરોપીએ વધુ **બે માસની** સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
- આરોપીએ આ સજા અન્ય કોઈ ગુન્હાની સજાથી અલગ ભોગવવાની રહેશે.

હાલનો ચુકાદો જાહેર કરતાં સમયે આરોપી હાજર રહેલ ન હોઈ આરોપી સામે બીનજામીનલાયક વોરંટ ઇસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

- નામદાર સર્વોચ્ચ અદાલતના **રાજેશ પોનક્ડા વિ. સત્યનારાયણ શ્રીરંગમ**[8] માં ઠરાવેલા સિધ્ધાંતને ધ્યાને લેતાં આરોપીને section 363(1) of Cr. P. C વિના મુલ્યે હાલના હુકમની નકલ મેળવવાનો હક્ક રદ કરવામાં આવે છે.
- ઓફીસને આદેશ આપવામાં આવે છે કે, આ કેસના ફેંસલા બાબતે યોગ્ય તે ક્રિમીનલ રજીસ્ટ્રમાં અને e-CIS મોડ્યુલમાં જરૂરી/સંબંધિત નોંધો/એન્ટ્રીઓ કરી, ક્રિમીનલ મેન્યુઅલ અને નામ. હાઈકોર્ટ સર્ક્યુલર્સ મુજબ કેસ ફાઈલનું સત્વરે વર્ગીકરણ કરી કેસ ફાઈલ રેકોર્ડરૂમને સુપ્રત કરવી.

હુકમ આજરોજ તા. **૨૯** મી, માહે **નવેમ્બર,** સને **૨૦૨૫** ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

[શિવકુમાર પ્રભુદયાલ કેન]
૨૬માં એડી.ચીફ જ્યુ. મેજીસ્ટ્રેટ,
ને.ઈ.એ. કોર્ટ નં.૩૫, અમદાવાદ સીટી.

Prepared By
PS– A.M.CHAUDHARI

8 2019(1) A.C.J. (SC) 478